ઓક્ટોબર- ૨૦૨૫
અંક – ૬૯

# અરુણોદય




સંપાદકીય બોર્ડ
- શ્રી એચ.જી. દવે
- શ્રી એસ.જે. મહેતા
- શ્રી એમ.એમ.ઠક્કર
- શ્રી પી.ટી.પઢેરીયા

અનુક્રમણિકા

- શરદ પૂર્ણિમા
- ભારતમાં વિવિધ સંસ્કૃતિમાં ઉજવાતા 'નવ વર્ષ' વિશે જાણીએ
- Time : Our Real Currency
- શરદ પૂર્ણિમા
- ગીતાના પ્રત્યેક અદયાયનો સારાંશ
- સ્વદેશી : આત્મનિર્ભર ભારતનો આધાર
- શાળાની પ્રવૃત્તિઓ

ડિઝાઈનઃ- એમ.એમ.ઠક્કર(મા.શિક્ષક) ૯૦૯૯૯૫૨૪૦૧

સર્વે જીએમડીસી , જીએસઈસીએલ કર્મચારી ભાઈઓ-બહેનો , શિક્ષકમિત્રો તથા વિદ્યાર્થીઓ સૌને સાદર વંદન ''અરૂણોદય'' ઓક્ટોબર-૨૦૨૫, અંક-૬૯ ને આપ સર્વની સમક્ષ રજુ કરતાં ખૂબ ખૂબ હર્ષની લાગણી અનુભવું છું.

તંત્રી સ્થાનેથી સર્વેને હું આ અરૂણોદય અંકમાં આપ દ્વારા કોઈપણ લેખ આપવામાં આવશે તો તે સ્વીકાર્ય રહેશે. જેથી આજના આ ઓનલાઈન જમાનામાં સુંદર લેખો વાંચવા માટે અને લખવા માટે કર્મચારીઓ તથા તેમના આશ્રિતો પ્રેરિત થશે અને વધુમાં વધુ લેખો આપણે આ અંકમાં સમાવી શકીશું. - તંત્રી



# શરદ પૂર્ણિમા



Chanchu Rekhaben J.
Secondary teacher Eng.med.

"રાસ રંગે રમ્યા કૃષ્ણ , ગોપી સાથે ગગનમાં,

શરદપૂર્ણિમાની રાતે, દિવ્ય આનંદ જગતમાં ."

હિંદુ ધર્મ - શાસ્ત્રમાં શરદ પૂર્ણિમાનું ખુબ જ મહત્વ છે. આશ્વિન માસ ( આસો) ની પૂર્ણિમા એટલે શરદપૂર્ણિમા. આ પૂર્ણિમાને 'રાસ પૂર્ણિમા' પણ કહેવામાં આવે છે. કારણકે પૂર્ણિમાની ચાંદનીમાં શ્રી કૃષ્ણે ગોપીઓ સાથે 'મહારાસ' કર્યો હતો એવી માન્યતા છે. આ દિવ્ય રાસમાં ભાગ લેવા માટે ભગવાન શિવ પણ ગોપીનું રૂપ ધારણ કરી વૃદાંવનમાં પધાર્યા હતા. ત્યાર પછી તે ગોપીશ્વર મહાદેવ કહેવાયા. ગુજરાતમાં ઘણીબધી જગ્યાઓએ શરદપૂર્ણિમાની રાત્રે રાસ ગરબાનું આયોજન કરવામાં આવે છે.

બંગાળ, ત્રિપુરા, આસામ અને મિથિલામાં આ રાત્રિને કોજાગરી પૂર્ણિમા તરીકે ઓળખવામાં આવે છે. કોજાગરા વ્રતના પાલન માટે દિવસભર ઉપવાસ કર્યા પછી ચંદ્રના પ્રકાશમાં રાત્રિનું જાગરણ કરવામાં આવે છે. દેવી લક્ષ્મીજી પૃથ્વી પર આવીને જુએ છે કે કોણ જાગી રહ્યું છે. કોય જાગર્તિ એટલે તેને કોજાગરી પૂર્ણિમા કહેવામાં આવે છે. જે જાગે છે તેને લક્ષ્મીજી આશિર્વાદ આપે છે.

શરદપૂર્ણિમાને વાલ્મીકી પૂર્ણિમા પણ કહેવામાં આવે છે. આ દિવસે મહાન કવિ અને ઋષિ વાલ્મિકીજીનો જન્મ થયો હતો. તેથી તેને વાલ્મીકીપૂર્ણિમા પણ કહેવામાં આવે છે.

શાસ્ત્રો અનુસાર આ રાત્રે ચંદ્ર કિરણોમાં અમૃત તુલ્ય શીતળતા અને ઔષધીય ગુણ હોય છે. તેથી આ દિવસે દૂધ અને પૌહા સીધા ચાંદનીના પ્રકાશમાં રાખવામાં આવે છે. જેથી તે અમૃત સમાન બને છે

ત્યારબાદ પ્રસાદ તરીકે તે ખવાય છે. શરદપૂર્ણિમાની ચાંદની મનને શાંતિ , આનંદ અને પવિત્રતા આપે છે. વર્ષના અન્ય દિવસોની તુલનામાં આ રાત્રે ચંદ્રમા પોતાના પૂર્ણ તેજ સાથે કિરણો વરસાવે છે. શરદપૂર્ણિમાની રાત્રિએ ચંદ્ર સોળે કળાએ ખીલી ઉઠે છે.

"ચાંદની છલકે આકાશે, શરદની રાત નિર્મળ,
અમૃત ઝરે કિરણોમાં, જગત થાય ઉજ્જવળ."



# ભારતમાં વિવિધ સંસ્કૃતિમાં ઉજવાતા 'નવ વર્ષ' વિશે જાણીએ



મિતેશકુમાર એમ. ઠક્કર
માધ્યમિક શિક્ષક

અનેક ધર્મ સંસ્કૃતિઓ ધરાવતા આપણા ભવ્ય ભારત દેશમાં પુષ્કળ પરંપરાઓ અને રીતિ રિવાજો છે. આપણી ગુજરાતીમાં જેમ ભારતની ભાષાઓ માટે 'બાર ગામ બોલી બદલાય' એ કહેવત પ્રચલિત છે તે દેશમાં માત્ર ભાષા જ નહિ, તમામ બાબતોને લાગુ પડે છે. લોકોનો દેખાવ, તેમનો પોશાક, તેમની ભાષા, તેમનું ભોજન, તેમની પરંપરા, તેમના તહેવારો અને તેમની સંસ્કૃતિ. દરેક વસ્તુમાં અપાર ભિન્નતા અને વળી આ જ તો આપણું ગૌરવ છે, ખરું ને?

તેથી જ આપણા વિવિધતામાં એકતા માટે જાણીતા દેશમાં ઉજવાતા નવ વર્ષની અહીં વાત કરવાની છે. કેમકે દુનિયા માટે 1 જાન્યુઆરી એ નવું વર્ષ હશે પરંતુ ભારતમાં પ્રાંતે પ્રાંતે નવા વર્ષનો સમય અને તેની ઉજવણીની પદ્ધતિમાં આકાશ પાતાળનો ફેરફાર જોવા મળતો હોય છે. અંગ્રેજી કેલેન્ડર અનુસાર 1 જાન્યુઆરીથી 31 ડિસેમ્બરના એક વર્ષ દરમિયાન ભારતની ડઝનબંધ સંસ્કૃતિઓ વિવિધ દિવસોએ પોતાનું નવું વર્ષ ઉજવે છે. માન્યમાં નથી આવતું? ચાલો, જરા વિગતે જાણીએ...

### બેસતું વર્ષ/ નૂતન વર્ષ – ગુજરાત:

ગુજરાતી ભાષામાં લેખ લખી રહ્યા છીએ એટલે સૌથી પહેલા ગુજરાતી નવ વર્ષથી જ શુભારંભ કરવો જોઈએ ને! ગુજરાતીઓ માટે ન્યુ યર એટલે 1 જાન્યુઆરી નહિ પણ 'બેસતું વર્ષ'. ગુજરાતીઓ દિવાળીના બીજા દિવસે એટલે કે કારતક સુદ એકમના દિવસે પોતાનું નૂતન વર્ષ શરૂ કરે છે જેને આપણે સૌ સ્થાનિક રીતે 'બેસતું વર્ષ' કહીએ છીએ. ધંધાદારી ગુજરાતીઓ દિવાળીના દિવસે આખા વર્ષનું ચોપડા પૂજન કરીને બીજા દિવસે નવા હિસાબી ચોપડાઓ સાથે નવા વર્ષનો પ્રારંભ કરે છે. સૌ પોતાના સ્વજનો અને મિત્રોના ઘરે જઈને મિઠાઈ, મુખવાસ ખાઈને નવા વર્ષની આનંદમય ઉજવણી કરે છે.

### ગુડી પાડવા – મહારાષ્ટ્ર, ગોવા:

હિન્દુ શાસ્ત્રો પ્રમાણે ચૈત્રી નવરાત્રિની શરૂઆત સાથે તેમના નવા વર્ષની શરૂઆત થાય છે. દરેક મરાઠી તેમજ કોંકણી ઘરોમાં વાંસની લાકડીમાં ઉપર કળશ (ગુડી) તેમજ ફૂલ, પાન અને સાડી સજાવીને તેને બારીએ ગોઠવવામાં આવે છે. સૌ પરંપરાગત પોશાક અને બહેનો નાકમાં મહારાષ્ટ્રની આગવી ઓળખ સમાન નથ અને ચંદ્ર આકારનીબિંદી સાથે ખૂબ જ મનમોહક દેખાય છે. મહારાષ્ટ્ર તેમજ ગોવાની મૂળ કોંકણી પ્રજા માટે નવા વર્ષની વ્યાખ્યા એક જ છે – ગુડી પાડવા.

### ઉગાદી – કર્ણાટક, આંધ્ર પ્રદેશ, તેલંગણા

ઉગાદીની ઉજવણી પણ ચૈત્ર સુદ એકમના રોજ જ થાય છે. એટલે કે ગુડી પાડવા અને ઉગાદી એક જ દિવસે હોય છે પણ જુદા જુદા નામ તેમજ તેની ઉજવણીની પદ્ધતિ જુદી જુદી હોય છે. દક્ષિણ ભારતના આ રાજ્યોમાં આંબાના પાન તેમજ નારિયેળને ખૂબ જ શુભ માનવામાં આવે છે તેથી ઉગાદીની પૂજામાં તેનો ઉપયોગ થાય છે. લોકો મંદિરે દર્શન કરવા જાય છે અને ઘર આંગણે રંગોળી કરે છે.

### વિશુ – કેરળ, દક્ષિણ કર્ણાટક:

અંગ્રેજી કેલેન્ડર અનુસાર એપ્રિલ કે મે મહિનામાં મલયાલમ કેલેન્ડરના પ્રથમ દિવસે વસંત ૠતુને આવકારતો પર્વ એટલે વિશુ. કેરળમાં સૌથી જાણીતો તહેવાર ઓણમ છે પરંતુ ત્યાંના લોકોનું નવ વર્ષ વિશુના દિવસે શરૂ થાય છે. આ દિવસે સૌ પરંપરાગત નવા કપડાં પહેરી મંદિરે જાય છે, ઘર બહાર આકર્ષક ફૂલોની રંગોળી કરે છે તેમજ કેળના પાન પર તેમનું મલયાલી ભોજન – સાધ્ય જમે છે.

### પુઠંડું – તમિલનાડું, પુડુચેરી

કેરળનો ઓણમ સૌથી જાણીતો તહેવાર છે તેમ તમિલનાડુંની વાત આવે એટલે સૌને પોંગલ જ યાદ આવે પરંતુ તેમનું નવું વર્ષ પોંગલ તહેવાર નહીં પરંતુ પૂઠડું તહેવાર સાથે શરૂ થાય છે.

### પોહેલા બોઈસાખ – પશ્ચિમ બંગાળ, ત્રિપુરા

પશ્ચિમ બંગાળ તેમજ ત્રિપુરામાં પણ તેમના નૂતન વર્ષ એવા તહેવાર પોહેલા બોઈસાખની ખૂબ જ સુંદર અને પરંપરાગત ઉજવણી કરવામાં આવે છે. બોઈસાખ એટલે હિન્દુ કેલેન્ડર અનુસાર વૈશાખ મહિનો.

### બોઈસાગુ – આસામ

વૈશાખ મહિના સાથે સંકળાયેલ વધુ એક તહેવાર. આસામમાં વિવિધ 7 નામે અને તહેવારે બિહુ ઉત્સવ ઉજવાય છે જે પૈકી નવા વર્ષને બોઈસાગુ અથવા રોંગાળી બિહુ કહેવાય છે. આ દિવસે સૌ મિત્રો, સ્વજનો એકબીજાના ઘરે જાય છે અને શુભેચ્છાઓ પાઠવે છે. સફેદમાં લાલ રંગની ભાતવાળો ગમછો આ દિવસે વિશેષ પહેરવામાં આવે છે.

### બૈસાખી – પંજાબ

વૈશાખી કે બૈસાખી એ શીખ ધર્મનો સૌથી પવિત્ર તહેવાર છે અને તે ઉપરાંત તેમનું નવું વર્ષ પણ. કૃષિ ઉદ્યોગ પર અવલંબિત પંજાબ રાજ્યમાં શીખો નવો પાકના વાવેતર સાથે બૈસાખીની ઉજવણી કરે છે. તહેવારના નામ પરથી જ અંદાજ લગાવી શકાય કે તે હિન્દુ કેલેન્ડર અનુસાર વૈશાખ મહિનામાં ઉજવવામાં આવે છે.

તમે પણ અંગ્રેજી કેલેન્ડર વર્ષ બદલવાની ઉજવણી આવશ્ય કરતાં હશો, પણ સાથોસાથ આપણા દેશના મૂળ ‘ન્યુ યર’ને પણ આમ જ હોંશભેર આવકારશો.




# Time : Our Real Currency




**Puneet Singh**
Overman,
Umarsar Lignite Project


One day, while scrolling through my phone, I came across a short video that stopped me in my tracks. It wasn't flashy or dramatic, but the message it carried was so profound that I haven't stopped thinking about it since. It made me question everything I thought I knew about value, wealth, and success. The idea was simple: our only real currency isn't money; it's time.

We, as students, are constantly told to "spend our time wisely" — usually meaning we should study more. Our parents spend their time working to provide for us. Our teachers spend their time educating us. We are all spending this currency, every single second of every day. But are we getting the best return on our investment?

This thought made me realize that we often trade our precious hours for things we can measure, like marks, money, or achievements, while forgetting the things that truly enrich our lives. It prompted me to think about what a truly "rich" life looks like.

The Ultimate Investment: A Checklist for a Fuller Life

So, how can we start investing our time in ways that fill our lives with genuine happiness and meaning?

We need to consciously make time for the things that matter. Here are some of the key investments we should all be making:

**Invest in Stillness :**

In our constantly buzzing world, find time to simply sit down and be quiet. Time to pause, to breathe, and to let our minds rest without the pressure of having to do something productive.

**Invest in Joy :**

Make time to watch a sunrise, to listen to the rain, or to simply look up at the stars. These simple moments of connection with the world around us are what create lasting memories.

**Invest in Your Feelings :**

We should allow ourselves time to feel everything. Time to laugh until our stomachs hurt, sing out loud to our favourite songs, and even cry when we need to. Acknowledging our emotions is a sign of strength.

**Invest in People :**

This is a big one. Make time for your family and friends. Not just living in the same house or seeing each other in the hallways, but truly connecting. Time for deep conversations, for helping each other, for celebrating victories, and for

supporting each other through failures. Let's make time for a heartfelt smile for our parents or a kind word for a friend.

**Invest in Yourself :**


What did you love doing as a child? What dream have you put on a shelf? Make time to read a book that isn't on the syllabus, to pursue a hobby, or to simply explore your own thoughts and dreams.


**Don't Let Time Just Pass You By**

The ultimate warning is that if we don't consciously choose how to spend our time, it will simply be spent for us—lost in endless scrolling, mindless stress, and the constant pressure to just "get ahead." We will be left wondering where all the years went.

This is a message for all of us. Let's encourage each other to not just manage our time, but to truly live in it. Let's build a community where success is measured not just by our report cards or paychecks, but by the richness of our experiences and the strength of our relationships.

After all, every new day gives us 24 more hours in our account. Let's start spending them like the precious currency they are.





# શરદ પૂર્ણિમા



કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક


આસો સુદ પૂર્ણિમાને આપણે શરદપૂનમ તરીકે ઓળખીએ છીએ. શરદપૂર્ણિમા એટલે માનવ્યમાં ચેતના, જાગૃતિ અને ઉત્સાહનો સંચાર કરતો ઉત્સવ. આ દિવસે ચંદ્ર પોતાની સોળે કલાએ ખીલે છે. જ્યોતિષ શાસ્ત્રની દૃષ્ટિએ ચંદ્ર આ દિવસે પૃથ્વીની વધારેમાં વધારે નજીક હોય છે અને ચંદ્ર સૌથી મોટો લાગે છે. ચોમાસાના ચાર મહિના વાદળ ઘેર્યા આકાશને કારણે સ્પષ્ટ ચંદ્ર દર્શન ન થઈ શકવાથી પણ શરદ પુર્ણિમાનો ચંદ્ર વધુ આકર્ષક લાગે છે.

જે પૂજનીય હોય, શક્તિશાળી હોય, તેમનું સ્થાન હંમેશા ઊંચુ અને અનેરુ હોય. શિવજીના સરતાજ અને આકર્ષક રૂપ ધરાવતા ચંદ્રની શોભા ખૂબ નિરાળી છે. ચંદ્ર પાસે સુંદરતા અને શીતળતાનો સમન્વય જોવા મળે છે.

કેવળ બાહય સૌંદર્ય કેટલીકવાર મોહક, માદક અને દાહક બને છે. જ્યારે એમાં આંતર સૌંદર્ય ભળે ત્યારે તે શીતળ અને શાંતિ દાયક બને છે. સૂર્યના તેજ સામે જોવુ અઘરુ છે પણ ચંદ્ર સામે તો કલાકો સુધી મીટ માંડીને બેસી શકાય . ચંદ્ર મનનો દેવતા છે.

ચંદ્રનો પ્રકાશ કેવળ શાંત અને શીતળ છે એટલું જ નહિ પરંતુ તે ઉપયોગીઅને ઉપકારક પણ છે. ખેતરમાં પડી રહેલા અન્નનો તેમજ અનેક પ્રકારની ઔષધિઓના ગુણને પુષ્ટ કરવામાં ચંદ્ર ખૂબજ મહત્વનો ભાગ ભજવે છે. તે દિવસે નવા તૈયાર થયેલા અનાજના પૌવા દૂધ સાથે ખાવામાં આવે છે. ચંદ્ર , ચાંદની , દૂધ , પૌવા , સાકર બધું જ સફેદ છે તેથી શરદ પૂર્ણિમા એ ધવલરંગી ઉત્સવ ગણાય. આ દિવસે રાસ – ગરબાની રમઝટ બોલાય છે. રાત ભર ગગનમાં ઘૂમતો અને પૂર્ણ કળાએ ખીલેલા ચંદ્ર આપણને પણ જીવનમાં પૂર્ણતા પામવાનો મૂક સંદેશો જાણે આપી રહયો છે.



# ગીતાના પ્રત્યેક અધ્યાયનો સારાંશ



પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

માનવ માત્ર માટે ગીતાનું તત્વજ્ઞાન આવશ્યક છે. અલૌકિક અને દિવ્યગ્રંથ એવા ગીતાના અધ્યાયોનો ટૂંકમાં સારાંશ.

અધ્યાય : 1 ખોટી સમજ એ બધા દુ:ખોનું મૂળ છે.
અધ્યાય : 2 મુશ્કેલીઓનું નિવારણ એકમાત્ર સાચા જ્ઞાન થી થાય.
અધ્યાય : 3 નિસ્વાર્થતા એ જ એક માત્ર વિકાસ અને સમૃધ્ધિનો માર્ગ છે.
અધ્યાય : 4 દરેક કર્મ એ પોતાનામાં જ એક પ્રાર્થના છે.
અધ્યાય : 5 વ્યક્તિત્વના અહંકારનો ત્યાગ કરો અને અનંતના આનંદમાં વિચરો.
અધ્યાય : 6 દરેક ઉચ્ચ ચેતના સાથે મનથી જોડાઓ.
અધ્યાય : 7 તમે જ શીખ્યા છો એનું પાલન કરો.

અધ્યાય : 8 તમારા પ્રયાસો સાતત્યથી ચાલુ રાખો.

અધ્યાય : 9 તમારા પર વરસાવેલા આશીર્વાદ માટે એની કૃપા સમજો.

અધ્યાય : 10 તમારી આસપાસ આધ્યાત્મિકતાની અનુભૂતિ કરો.

અધ્યાય : 11 સત્ય જાણવાં પૂરતી પુર્ણ શરણાગતિ સ્વીકારો.

અધ્યાય : 12 તમારું મન ભગવાન સાથે જોડાયેલું રાખો.

અધ્યાય : 13 માયાથી પોતાને અળગા કરીને આધ્યાત્મિકતા સાથે જોડાઓ.

અધ્યાય : 14 તમારી જીવનશૈલી તમારા જીવનના ધ્યેય પ્રમાણે રાખો.

અધ્યાય : 15 આધ્યાત્મિકતાને પ્રાથમિકતા આપો.

અધ્યાય : 16 સારા થવું એ પોતેજ પોતાનામાં એક પુરસ્કાર છે.


અધ્યાય : 17 જે ગમે છે એના કરતાં જે સત્ય છે એનો સ્વીકાર કરવો એ જ ખરી તાકાત છે.

અધ્યાય : 18 જતુ કરો. આત્માને પરમાત્મા સાથે જોડાવા દો.

ગીતાનું તત્વજ્ઞાન શાશ્વત છે. ગીતામાં કહેલી તમામ વાતો આપણા માટે એટલી જ ઉપયોગી છે. મા સમાન ગીતાને શત શત વંદન.

SWADESHI

# સ્વદેશી : આત્મનિર્ભર ભારતનો આધાર



**Dr. Parth Patel**
Assistant Manager
Public Relations ,GMDC

સ્વદેશી એ એક એવો ખ્યાલ છે જે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના સમયથી ખૂબ મહત્વ ધરાવે છે. આ શબ્દનો અર્થ થાય છે 'પોતાના દેશનું' અથવા 'સ્થાનિક'. સ્વદેશી ચળવળ ભારતના સ્વાતંત્ર્ય આંદોલનનો એક અભિન્ન હિસ્સો હતી, જેનો હેતુ આર્થિક આત્મનિર્ભરતા અને બ્રિટિશ શાસનનો વિરોધ કરવાનો હતો. સ્વદેશી ચળવળનો પ્રારંભ 1905માં બંગાળના વિભાજનના વિરોધમાં થયો હતો. બ્રિટિશ સરકારે બંગાળને ધાર્મિક આધારે બે ભાગમાં વહેંચવાનો નિર્ણય લીધો, જેનો ભારતીયો દ્વારા વિરોધ થયો. આ ચળવળમાં લોકોને વિદેશી માલનો બહિષ્કાર કરીને સ્થાનિક ઉત્પાદનો અપનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા. મહાત્મા ગાંધીજીએ આ ચળવળને વધુ મજબૂત કરી, ખાસ કરીને ખાદી અને હાથથી બનાવેલા કાપડને પ્રોત્સાહન આપીને. તેમણે સ્વદેશીને માત્ર આર્થિક હથિયાર જ નહીં, પરંતુ આત્મસન્માન અને સ્વાવલંબનનું પ્રતીક બનાવ્યું.સ્વદેશીનો મુખ્ય ઉદ્દેશ દેશની અર્થવ્યવસ્થાને

મજબૂત કરવાનો હતો. બ્રિટિશ શાસન દરમિયાન, ભારતમાંથી કાચો માલ બ્રિટન મોકલવામાં આવતો અને તૈયાર માલ ભારતમાં વેચાતો, જેનાથી સ્થાનિક ઉદ્યોગો નબળા પડ્યા. સ્વદેશી ચળવળે લોકોને સ્થાનિક ઉત્પાદનો ખરીદવા અને ગામડાંના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે પ્રેરણા આપી. આજે પણ, 'મેક ઈન ઈન્ડિયા' જેવી યોજનાઓ સ્વદેશીના ખ્યાલને આગળ ધપાવે છે, જેનો હેતુ સ્થાનિક ઉત્પાદન અને નોકરીની તકો વધારવાનો છે.

સ્વદેશી માત્ર આર્થિક આંદોલન ન હતું, પરંતુ તે ભારતીય સંસ્કૃતિ અને આત્મસન્માનનું પ્રતીક પણ હતું. સ્થાનિક કલા, હસ્તકલા, અને પરંપરાઓને પ્રોત્સાહન આપવાથી લોકોમાં દેશભક્તિ અને એકતાની ભાવના જાગી. ખાદીનો ઉપયોગ એક સામાજિક સંદેશ હતો, જે ગરીબો અને શ્રમિકો સાથે જોડાણ દર્શાવતો હતો.આજે સ્વદેશીનો ખ્યાલ ફરીથી પ્રસ્તુત થઈ રહ્યો છે. વૈશ્વિકીકરણના યુગમાં, વિદેશી બ્રાન્ડ્સનો પ્રભાવ વધ્યો છે, પરંતુ સાથે જ સ્થાનિક ઉદ્યોગો અને સ્ટાર્ટઅપ્સ પણ ઉભરી રહ્યા છે. સ્વદેશીનો આધુનિક સ્વરૂપ એટલે 'વોકલ ફોર લોકલ', જેમાં લોકોને સ્થાનિક ઉત્પાદનોને સમર્થન આપવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ દ્વારા નાના વેપારીઓ, કારીગરો અને સ્થાનિક ઉદ્યોગોને ટેકો મળે છે.

તાજેતરના વર્ષોમાં ભારત પ્રત્યેની વિશ્વની ધારણા નાટકીય રીતે બદલાઈ છે. ભારતને હવે એક શક્તિશાળી રાષ્ટ્ર તરીકે જોવામાં આવે છે. COVID-19 રોગચાળા પછી, એક નવી વૈશ્વિક વ્યવસ્થા ઊભી થઈ છે. આથી, ભારત માટે તેને મજબૂત કરીને ઝડપી ગતિએ આગળ વધવું મહત્વપૂર્ણ છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વ હેઠળ દેશે આત્મસન્માન, આત્મનિર્ભરતા અને આત્મવિશ્વાસની નવી ઊંચાઈઓ સ્પર્શી છે.

વાઈબ્રન્ટ શબ્દ જાણે ગુજરાત માટે જ બન્યો હોય એવી પ્રતીતિ થાય છે. વાઈબ્રન્ટ સમિટ થકી ગુજરાતના ઔદ્યોગિક ક્ષેત્રમાં લાખ્ખો લોકોને રોજગારી મળી અને શ્રેષ્ઠ માળખાગત સુવિધાઓ ઊભી થઈ. ગિફ્ટ સિટી, ધોલેરા, એસ.આઈ.આર., ચાર સેમિકન્ડકટર પ્લાન્ટ જેવી પહેલો થકી ગુજરાત આજે ઉદ્યોગજગત માટે પસંદગીનું રાજ્ય બન્યું છે.નરેન્દ્રભાઈ મોદીએ અવિરત વિકાસની દિશા ખોલી આપતી અનેક વિકાસ ભેટ ગુજરાતને આપી છે.

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઈ મોદીએવર્ષ 2012ની આસપાસ રાજ્યમાં જાપાની રોકાણકારોને સુવિધા આપવા માટે જાપાની વાનગીઓ, ગોલ્ફ કોર્સ વગેરે લાવીને વ્યવસ્થા કરી હતી. નરેન્દ્રભાઈ મોદી હમેશા કહેતા, "જો કોઈ રોકાણકારને આકર્ષિત કરવો હોય, તો સાંસ્કૃતિક ઈકોસિસ્ટમના દરેક પાસાને બારીકાઈથી ધ્યાનમાં લેવાની જરૂર છે."

2020માં વડાપ્રધાન મોદીએ કોવિડ-19 મહામારી દરમિયાન 'આત્મનિર્ભર ભારત અભિયાન'ની ઘોષણા કરી, જેના પાંચ મુખ્ય સ્તંભો છે:અર્થવ્યવસ્થા: ક્વોન્ટમ જમ્પ દ્વારા આર્થિક વૃદ્ધિ,ઈન્ફ્રાસ્ટ્રક્ચર: આધુનિક ભારત માટે વિશ્વ-સ્તરીય માળખું, સિસ્ટમ: ટેક્નોલોજી-આધારિત પારદર્શક વ્યવસ્થા,ડેમોગ્રાફી: યુવાનોની શક્તિનો ઉપયોગ,માંગ: સ્થાનિક ઉત્પાદનો અને સેવાઓની માંગ વધારવી.

આ ઉદ્દેશ્યો દ્વારા ભારતે નવીનતા, ઉદ્યોગો અને નોકરીની તકો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે, જે સ્વદેશીની ભાવના સાથે સંપૂર્ણ રીતે જોડાયેલું છે.આત્મનિર્ભર ભારત અભિયાને ઘણી સફળતાઓ હાંસલ કરી છે. 'પ્રોડક્શન લિન્કડ ઈન્સેન્ટિવ' યોજનાએ મોબાઈલ ફોન, ફાર્માસ્યુટિકલ્સ અને ઈલેક્ટ્રોનિક્સ જેવા ઉદ્યોગોમાં સ્થાનિક ઉત્પાદનને વેગ આપ્યો. ભારત હવે એપલના આઈફોનનું ઉત્પાદન કરે છે, જે વૈશ્વિક બજારમાં નિકાસ થાય છે.

સ્ટાર્ટઅપ ઈન્ડિયાની વાત કરીએ તો ભારતમાં 100,000થી વધુ સ્ટાર્ટઅપ્સ નોંધાયા છે, જેમાં યુનિકોર્ન્સની સંખ્યા 100ને પાર કરી ગઈ છે. આ સ્વદેશી નવીનતાનું ઉત્તમ ઉદાહરણ છે.માઈક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઈઝ ક્ષેત્રને રૂ. 3 લાખ કરોડની લોન સુવિધા અને ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા ટેકો મળ્યો. ખેડૂતો માટે 'કિસાન ક્રેડિટ કાર્ડ' અને 'ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન'જેવી યોજનાઓએ ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કર્યુંછે.રક્ષાક્ષેત્રે સ્વદેશી રીતે વિકસિત 'તેજસ' ફાઈટર જેટ, 'અર્જુન' ટેન્ક અને 'બ્રહ્મોસ' મિસાઈલે ભારતની રક્ષા ક્ષમતાઓને વૈશ્વિક સ્તરે પહોંચાડીછે.

આત્મનિર્ભર ભારતનો માર્ગ પડકારોથી ખાલી નથી. વિદેશી બ્રાન્ડ્સનું આકર્ષણ, ગુણવત્તા અને ખર્ચની સ્પર્ધાત્મકતા, અને ટેકનોલોજીની અછત જેવા મુદ્દાઓ હજુ પણ અવરોધ બની રહે છે. વધુમાં, શિક્ષણ અને કૌશલ્ય વિકાસ પર વધુ ધ્યાન આપવાની જરૂર છે જેથી યુવાનો આધુનિક અર્થવ્યવસ્થાની માંગને પહોંચી વળે. ગ્રામીણ વિસ્તારોમાં ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની અછત પણ એક મોટો પડકાર છે.

સ્વદેશી એ એક શક્તિશાળી ખ્યાલ છે જે આર્થિક આત્મનિર્ભરતા, સાંસ્કૃતિક ગૌરવ અને સામાજિક એકતાને પ્રોત્સાહન આપે છે. આજે, જ્યારે ભારત વૈશ્વિક અર્થતંત્રમાં પોતાનું સ્થાન મજબૂત કરી રહ્યું છે, ત્યારે સ્વદેશીનો સિદ્ધાંત આપણને યાદ અપાવે છે કે સ્થાનિક ઉત્પાદનો અને પરંપરાઓને ટેકો આપવો એ દેશના વિકાસનું મૂળ છે. આપણે સૌએ સ્વદેશીની ભાવનાને અપનાવીને આત્મનિર્ભર ભારતના નિર્માણમાં યોગદાન આપવું જોઈએ.

આત્મનિર્ભર ભારત એ માત્ર એક સરકારી યોજના નથી, પરંતુ દરેક ભારતીયનું સ્વપ્ન છે. તે સ્વદેશીની ભાવનાને આધુનિક રીતે સાકાર કરે છે. સ્વદેશીની આગ આજે પણ આપણને રાહ બતાવે છે – આત્મનિર્ભર ભારતનો માર્ગ વિશ્વગુરુ બનવાની દિશામાં ચાલે છે.

# શાળાની પ્રવૃત્તિઓ

## શાળાના એસ.પી.સી.ના વિદ્યાર્થીઓની તાલીમ




ગરબા ઉત્સવ




જી.એસ.ઈ.સી.એલ. પાન્ધ્રો દ્વારા શાળાના
વિદ્યાર્થીઓ માટે વિદ્યુત સલામતી અને વીજળી બચત વિષય પર
ચિત્ર સ્પર્ધા અને પ્રશ્નમંચ




શાળાના શિક્ષીકા
અસ્મીતાબેન ત્રિવેદીનો
વિદાય સમારંભ